## મે.શ્રી બીજા એડી.ચીફ જ્યુ.મેજી.સાહેબની કોર્ટમાં, મોરબી.

**ફોજદારી કેસ નંબર : 939-26**

<u>**ફરીયાદી**</u> **:** સરકારશ્રી                                                                                    આંક–

**વિરૂધ્ધ:–**

<u>**આરોપી**</u>**: દીનેશભાઈ નાનજીભાઈ ડાભી**

<u>**ગુન્હો**</u> **:– બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબ**

# <u>–: ચુકાદો :–</u>

ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક:૧માં જણાવેલ સમયે અને તારીખે પોતાના હવાલા વાળુ વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરુપ થાય તે રીતે રોડ વચ્ચે ઉભુ રાખી મળી આવતાં હોય જેથી જીલ્લા મેજી.સાહેબશ્રી ના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ : ૨૮૫ મુજબનો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપતા આરોપી પ્રથમ તબકકે ગુન્હા અંગે કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હો કબુલ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપી સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરે છે આરોપી કબુલાત પુરસીસમાં જણાવે છે કે તેઓ કાયદાના અજ્ઞાન માણસ હોય અજ્ઞાનતાથી ગુન્હો દાખલ થયેલ છે જેથી દયા દાખવવા રજુઆત કરેલી છે.

આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે આરોપીએ જાણીબુજીને ગુન્હો કરેલ ન હોઈ તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ તેમને થાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>–:: હુકમ ::–</u>

આ કામના આરોપી <u>**દીનેશભાઈ નાનજીભાઈ ડાભી**</u> વાળા નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૭૫ અન્વયે બી.એન.એસ.ની કલમ : ૨૮૫ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧<u>૦૦/–</u> અંકે એકસો પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન : ૦૩ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ હુકમ ખુલ્લી લોક અદાલતમાં સ્પે.સીટીગમાં જાહેર કર્યો.

સ્થળ :: મોરબી.
તારીખ :: ૧૪/૦૩/૨૦૨૬
(સ્પે.સીટીંગ)

**( J. J. JOSHI )**
બીજા એડી.ચીફ.જયુડી.મેજી.
મોરબી
**(GJ01271)**

ફોજદારીદંડપહોંચનં.................
તા.૧૪/૦૩/૨૦૨૬ થીરૂા.<u>૧૦૦/–</u>
અંકે રુપીયા– એકસો પુરા
પૂરા વસુલ લીધા.

**નાઝીર/આસીસ્ટન્ટ**